**વડોદરા મહાનગરપાલિકા**

## સીધી ભરતી માટેની જાહેરાત
## (જાહેરાત ક્રમાંકઃ ૩૦૦/૨૦૨૪-૨૫)

| Sr.no | Name of Post | No of Post |
|---|---|---|
| 1 | Chief Officer (Fire) | 01 (UR) |

### 1) Educational Qualification, Experience, Age and Pay Scale

| | |
|---|---|
| **Educational Qualification & Experience:** | **A. Possess**<br>1. A Bachelor's degree obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India or any other educational institution recognized as such or declared to be deemed as a university under section 3 of the University Grants Commission Act, 1956, and Completed the Divisional officers Course or the Fire Prevention course recognized by the National Fire Service Collage, Nagpur;<br>**Or**<br>2. A Degree of Bachelor of Engineering (Fire) / Bachelor of Technology (Fire) / Bachelor of Engineering (Fire and safety) / Bachelor of Technology (Fire and safety) / Bachelor of Science (Fire) obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India or any other educational institution recognized as such or declared to be deemed as a university under section 3 of the University Grants Commission Act, 1956;<br>**B.** Have about seven years' service experience in a whole time in the field of Fire Brigade out of which three years' experience on the post which can be considered equivalent to the post not below the rank of Station Officer or Assistant Divisional officer in Government / Local bodies / Government Undertaking Board / Corporation / Limited Company established under the Companies Act,2013. |
| **Age :** | Not more than 45 years. |
| **Pay Scale:** | As per 7th Pay Commission Level – 11 Pay Matrix<br>(67,700/- To 2,08,700/-) |

C. Possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967:

D. Possess physical and medical standards as mentioned in Appendix A;  and

E. Possess adequate knowledge of Gujarati or Hindi or both.

F.

1. The candidate appointed by direct selection, shall during his probation period, be required to successfully complete the Divisional Officer's Course at the National fire Service College or in the recognized institute or institution approved for the purpose.

   Provided that, if the Appointing Authority is satisfied that the candidate could not successfully complete such Divisional Officer's Course in the stipulated period due to circumstances beyond his control, his probation period may be extended for one year and during the extended probation period he will have to successfully complete the training as specified by Appointing Authority.

   Provided further that, if the candidate is not sent for Divisional Officer's Course due to an administrative reason, the period shall not be counted towards this stipulated period referred to in this rule.

2. "Chief Officer (Fire), Vadodara Municipal Corporation who have been appointed by direct selection, shall have to successfully completed such Divisional Officer Course within two years from the date of appointment if he has not completed such Divisional Officer's Course."

   Provided also that, a candidate appointed by direct selection who have already completed such Divisional Officer's Course successfully before his direct selection to the post, shall not be required to undergo such Divisional Officer's Course again.

**2. Physical Fitness will be as follows.**

**Appendix – A**

Minimum Physical Standards for the post of
Chief Officer (Fire), Class-I

A. For Male Candidates.

| Class | Minimum Height in Centimeters | Chest (Minimum in Centimeters) | | Minimum Weight |
|---|---|---|---|---|
| | | Deflated | Inflated | |
| Scheduled Tribes of Gujarat origin. | 160 | 81 | 86 | 50 Kg. |
| Candidates (Except Scheduled Tribes of Gujarat origin) | 165 | 81 | 86 | 50 Kg. |

**Note**: Minimum Expansion of Chest When inflated shall not be less than 5 Centimeters.

B. For Female Candidates.

| Class | Minimum Height in Centimeters | Minimum Weight |
|---|---|---|
| Scheduled Tribes of Gujarat origin. | 154.5 | 46 Kg. |
| Candidates (Except Scheduled Tribes of Gujarat origin) | 157 | 46 Kg. |

C. Candidates having any of the following physical defects shall not be fit for the post, namely:-

(i) Knock knee, (ii) Pigeon Chest, (iii) Squint Eye,
(iv) Flat Feet, (v) Varicose Veins, (vi) Hammer Tees,
(vii) Fractured Limb, (viii) Decayed Teeth, (ix) Communicable
(x) Skin Disease.

D. The Medical officer shall, examine the candidate and issue the certificate of fitness taking into consideration the physical standards as mentioned above and also certify for the following matters, namely:-

| | | |
|---|---|---|
| S H A P E I Means | S | Psychological |
| | H | Hearing |
| | A | Appendage |
| | P | Physical capacity for normal work |
| | E | Eye sight |
| | I | Meant fit in all respect to perform normal professional functions under each of the above mentioned heads. |

## જાહેરાતની સામાન્ય જોગવાઈઓ:
## (જાહેરાત ક્રમાંકઃ ૩૦૦/૨૦૨૪–૨૫)

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. ઓનલાઇન અરજી કરવા તથા પેમેન્ટ કરવા માત્ર ડેસ્કટોપ અથવા લેપટોપ નો જ ઉપયોગ કરવો ઉમેદવારો માટે હિતાવહ છે.
3. રસ ધરાવતા ઉમેદવારોએ તા.૦૧–૦૮–૨૦૨૪ (૧૩–૦૦ કલાક) થી તા.૨૦–૦૮–૨૦૨૪ (૧૬–૫૯ કલાક) દરમ્યાન **www.vmc.gov.in** વેબસાઈટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ **www.vmc.gov.in** ઉપરથી વાંચી લેવાની રહેશે.
4. **ઉંમર, લાયકાત અને અનુભવ ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.**
5. ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.
6. શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહીં.
7. ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ), મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર/ મેળવેલ અનુભવની વિગતો સાથેનું સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ પર સક્ષમ સત્તાધિકારીની સહી અને તારીખ સાથેનું રજુ કરવાનું રહેશે. ઉમેદવારે આપેલ self-Declaration અને affidavit પર રજુ કરેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ.
8. ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજુ કરવામાં આવશે નહીં, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર/ વિગતોના આધારે વડોદરા મહાનગરપાલિકા નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.
9. ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહિ. તેમજ જો કોઇ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇસ્યુ થયેલ નિયત નમુનાનું પ્રમાણપત્ર રજુ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવે છે. અને તેઓને બિન અનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.
10. અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન્ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી), Against post તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ ( ઉ.દા.Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહીં.
11. જાહેરાતમાં માંગ્યા મુજબનો અનુભવ ઉમેદવારે શૈક્ષણિક લાયકાત/ડિગ્રી મેળવ્યા બાદનો જ માન્ય ગણવામાં આવશે. તે પહેલાંનો અનુભવ કોઇ પણ સંજોગોમાં માન્ય ગણાશે નહિ. અનુભવના પુરાવા તરીકે માત્ર ઓફર લેટર /અપોઇન્ટમેન્ટ લેટર અમાન્ય ગણાશે. પરંતુ જો તેની સાથે વખતોવખત સંસ્થા દ્વારા અપાયેલ ઇજાફા કે પ્રમોશનના હુકમ પગાર સંબંધિત પુરાવા કે અન્ય આધારભૂત ગણી શકાય તેવા પુરાવા રજૂ કર્યેથી તેની પૂરતી

ચકાસણી કર્યાબાદ યોગ્ય જણાયેથી આવો અનુભવ માન્ય ગણવા અંગે સક્ષમ અધિકારીશ્રી નો નિર્ણય આખરી રહેશે.

12. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં યોગ્ય સ્થાને પોતાનો મોબાઇલ નંબર લખવો અનિવાર્ય છે. જે ઉપર ભવિષ્યમાં ભરતી અંગે સંદેશ આપી શકાય. યોગ્ય મોબાઇલ નંબર લખેલ ન હોય/બંધ હોય કે અન્ય કારણોસર ઉમેદવારને સંદેશ ન પહોંચે તે અંગે વડોદરા મ્યુનિ. કોર્પોરેશનની કોઇ જવાબદારી રહેશે નહિ.

13. **શારીરિક અશકતતા ધરાવતા (દિવ્યાંગ) ઉમેદવારો માટેઃ**

1. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ-૨ તા.૧૭-૦૯-૨૦૨૧ ની જોગવાઇ મુજબ સીધી ભરતીથી જગ્યા ભરવાના પ્રસંગે દિવ્યાંગ ઉમેદવાર માટે જગ્યા અનામત ન હોય ત્યારે સબંધિત જગ્યા માટે નીચે જણાવેલ બેન્ચમાર્ક ડિસેબિલિટિઝ ધરાવતા ઉમેદવાર દિવ્યાંગ માટે અનામત ન હોય તેવી જગ્યા માટે અરજી કરી શકશે.

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાનો પ્રકાર | અનામત રાખવામાં આવેલ જગ્યા |
|---|---|---|---|
| A. | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ | -- | |
| B. | બધિર અને ઓછું સાંભળનાર | HH (40%-70%) | 00 |
| C. | મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુ | AAV | 00 |
| D. & E. | સ્વલીનતા બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી – (B) અને (C) હેઠળના વ્યક્તિઓ માંથી એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા | ASD(M), SLD, MI, MD (B & C) | 00 |

**CATEGORY ABBREVIATIONS USED:** HH= Hard of Hearing, AAV=Acid Attack Victims, ASD=Autism Spectrum Disorder (M=Mild), SLD=Specific Learning Disability, MI=Mental Illness, MD=Multiple Disabilities(B&C)

2. શારીરિક અશકતતા ધરાવતા (દિવ્યાંગ) ઉમેદવારે તેના દાવાના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧-૧૨-૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ-૨ થી તેમજ વખતોવખત નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પીટલના સુપ્રિટેન્ડેન્ટ /સિવીલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર જ માન્ય ગણવામાં આવશે. તેમજ આ અસલ પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી દ્વારા માંગણી કરાયેથી અચુક રજુ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર નિમણૂક અધિકારી/મંડળ સમક્ષ રજુ કરવામાં નહીં આવે, તેવા કિસ્સામાં જે તે ઉમેદવારને શારીરિક અશકતતા (દિવ્યાંગતા) ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં.

14. **વયમર્યાદામાં છુટછાટઃ**

વડોદરા મહાનગર પાલિકાના કર્મચારીને ઉપલી વય મર્યાદામાં ઉંમરનો બાધ રહેશે નહીં. તેઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

15. અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓ બિન અનામત ઉમેદવારો માટેના ધોરણો લાગુ પડશે.

16. ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઇન અરજી કરવી. ઓનલાઇન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી સબમીટ કરવી.

17. ઉમેદવારે અરજી ચકાસણીને પાત્ર અને રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજુ કરવાના થતાં પ્રમાણપત્ર તૈયાર રાખવાના રહેશે.

18. ગુજરાત સરકારના સરકારી/અર્ધ–સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતાં અધિકારી/કર્મચારીઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેમજ પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી વખતે ઉમેદવારે સક્ષમ અધિકારીનું ના–વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

19. સરકારી/અર્ધ સરકારી સંસ્થામાં ફરજ બજાવતાં ઉમેદવારોએ ખાતાના વડા/વિભાગ દ્વારા તેઓની છેલ્લા પાંચ વર્ષની કામગીરીનો તથા વર્તણુંક અંગેનો અહેવાલ, કોઇ શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલ હોય તો તેની વિગત રજુ કરવાનું રહેશે.

20. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.

21. **ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ CCC+ લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ અથવા નિમણુંક થયા તારીખથી ૦૬ માસ સુધીમાં સદર કોર્ષ પાસ કરવાનો રહેશે.**

22. **અરજી ફી સ્વીકારવા/જમા કરાવવા અંગેઃ**

એ. ઉમેદવારોએ અરજી ફી પેટે રૂ.૪૦૦/– ઓનલાઇન જ ભરવાના રહેશે.

બી. ઉમેદવાર જયારે VMC વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કર્યા બાદ, તેઓને અરજી ફી ઓનલાઇન ભરવાની રહેશે. ફી ની રકમ ફકત ઓનલાઇન જ ક્રેડીટ/ડેબિટ/નેટ બેંકિગ દ્વારા ભરવાની રહેશે. ફી ભર્યા અંગેના ચલણની નકલ મેળવી ઉમેદવારે સાચવી રાખવાની રહેશે, અને પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી સમયે કોલલેટર સાથે અચૂક લાવવાની રહેશે.

સી. જો ઉમેદવાર ફી ભર્યાની નકલ તથા એપ્લીકેશન ફોર્મ સાથે નહી લાવે તો તેવા ઉમેદવારોને પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી માં પ્રવેશ આપવામાં આવશે નહી.

ડી. અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી.

ઈ. **ઓનલાઇન ફી ભરવાની છેલ્લી તારીખ ૨૦–૦૮–૨૦૨૪ રહેશે.**

એફ. અરજી ફી ભર્યા બાદ કોઇ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.

જી. તમે લાયકાત ધરાવો છો કે કેમ ? તેની ખાતરી કર્યા બાદ જ અરજી ફોર્મ તથા ફી ભરવી. લાયકાત ન ધરાવતા હોવા છતાં ફી ભરેલ હોઇ તેવી અરજી રદ ગણાશે. અરજી ફી ભર્યા બાદ કોઇ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.

23. ઉમેદવાર/અરજદારને તેમના પોતાના હિતમાં જાહેરાત સંબંધિત અન્ય કોઇ સુચના માટે તેમના દ્વારા નોંધાયેલા ઇ–મેઇલ એકાઉન્ટને તપાસવાની તથા www.vmc.gov.in વેબસાઇટ સતત જોતાં રહેવા સલાહ આપવામાં આવે છે.

24. ઓનલાઇન અરજી કરતી વખતે કોઈ નેટવર્ક સમસ્યા અથવા અન્ય તકનીકી સંબંધિત સમસ્યાઓ માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન જવાબદાર રહેશે નહીં.

25. અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય તેમજ અરજીમાં પાસપોર્ટ સાઇઝ ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય તે મુજબની અરજીઓ રદ કરવામાં આવશે.

26. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે.

27. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઈપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.

28. જાહેરખબરમાં આવેલ અરજીઓની સંખ્યાને ધ્યાને લઇ, તમામ ઉમેદવારોને આગળની પ્રક્રિયા માટે વિચારણામાં લેવા કે મેરીટના આધારે શોર્ટલીસ્ટ કરી આગળની ભરતી પ્રક્રિયા / લેખિત પરીક્ષા / ઓનલાઇન પરીક્ષા / મૌખિક ઇન્ટરવ્યુ માટે વિચારણામાં લેવા તે અંગે કમિશ્નરશ્રી, વડોદરા મહાનગરપાલિકા, વડોદરા જે નિર્ણય કરે તે આખરી અને બંધનકર્તા રહેશે. વધુમાં લેખિત પરીક્ષા લેવાના સંજોગોમાં લેવાની થતી સંભવિત લેખિત / ઓનલાઇન પરીક્ષા જે તે સંસ્થા મારફતે જરૂર જણાયે એક કરતાં વધુ સેશનમાં / જુદા જુદા પ્રશ્નપત્રો અંતગર્ત વિભિન્ન પ્રશ્નોના સેટ મારફતે યોજવામાં આવશે. જે બાબતે ઉમેદવારો કોઇ તકરાર કરી શક્શે નહીં.

29. ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ /ઉંમર વગેરેના સમર્થનમાં રજૂ કરેલ પ્રમાણપત્રો કોઈપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણુંક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહીને પાત્ર થશે. જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે , તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઇથી પૂર્ણ રીતે ખરાઇ કર્યા બાદ જ વડોદરા મહાનગરપાલિકામાં રજુ કરવા.

30. ભરતી પ્રક્રિયા દરમ્યાન સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઈ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

31. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, વડોદરા ને રહેશે. અને આ માટે કોઇ કારણ આપવા બંધાયેલ રહેશે નહીં.

32. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

**મ્યુનિ. કમિશનર**

**તા. ૩૧–૦૭ –૨૦૨૪** **વડોદરા મહાનગરપાલિકા.**